રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

==================================================================

**આર.એમ.સી./પી.આર.નં.:- ૦૦૧૨** **-: અખબારી યાદી:-**

# જાહેરમાં થુંકતા આસામીઓ પાસેથી ઇ-મેમોના માધ્યમથી રૂ. ૮,૭૫૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો: મ્યુનિ. કમિશનરશ્રી

તા. ૦૯-૦૯-૨૦૧૯

રાજકોટ મહાનગરપાલિકાના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતી અને ગૌરવ પ્રાપ્ત કરી ચુકેલા "આઈ-વે પ્રોજેક્ટ"ના ICCC (ઇન્ટીગ્રેટેડ કમાંડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર)ની નવનિયુક્ત મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલએ હાલમાં જ મુલાકાત લીધી હતી અને શહેરમાં ગંદકી કરતા આસામીઓને અપાયેલા ઇ-મેમોના અમલીકરણ અને વસૂલાત ની સૂચના આપી હતી. તા. ૦૬-૦૯-૨૦૧૯ થી ૦૯-૦૯-૨૦૧૯ દરમ્યાન જાહેરમાં થુંકતા કુલ ૧૯ આસામીઓને ઈ-મેમા મારફતે ૮,૭૫૦/- નો દંડ કરવામાં આવ્યો હતો.

રાજકોટમાં ગંદકી કરતા આસામીઓને ઇસ્યુ કરવામાં આવતા ઈ-મેમોની કામગીરી ઝડપી બનાવવા અને નિયમ ભંગના કિસ્સાઓમાં દંડની રકમ વસૂલ કરવાની કાર્યવાહી ઝડપભેર આગળ ધપાવવામાં આવશે. લોકો શહેરને સ્વચ્છતા રાખવામાં તંત્રને મદદ કરે તેવી અપીલ મ્યુનિ. કમિશનરશ્રીએ કરી છે.

**( જન સંપર્ક અધિકારી )**